## પ્રકરણ-૧૫
## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

લોકોને માહિતી મળે તે માટે આ કચેરી દ્વારા અપનાવાયેલ સાધનો, પધ્ધતિઓ તથા સવલતોની વિગત નીચે મુજબ છે.

**૧. નાટક અને શો:-**

સરકારશ્રીની સુચના અનુસાર લોક ડાયરો અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવે છે.

**૨. વર્તમાનપત્રો:-**

જીલ્લા સ્વાગત કાર્યક્રમ અંગે વર્તમાન પત્રોમાં જાહેર ખબર આપી લોકોને/ અરજદારોને તેમની અરજીઓ અંગે સબંધિત ખાતા તરફથી પ્રત્યુતર મળેલ ના હોય તેવા કિસ્સામાં અરજીઓ મોકલી આપવા જણાવવામાં આવે છે. આવી અરજીઓની સુનાવણી માટે અરજી મોકલી આપનાર નાગરીક અરજી મોકલ્યા બાદ ચોથો ગુરૂવારે કલેક્ટર કચેરી ખાતે હાજર રહી પોતાનો જવાબ મેળવી શકે છે.

**૩. પ્રદર્શનો:-**

સરકારશ્રીના નિર્દેશન મુજબ માહિતી ખાતાના સહયોગથી પ્રદર્શન ગોઠવાય છે.

**૪. નોટીસ બોર્ડ:-**

કચેરીમાં નોટીસ બોર્ડ રાખેલ છે. જેની ઉપર અગત્યની અને જનતાને જાણવા જોગ નોટીસો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**૫. કચેરીમાં રેકર્ડનું નિરીક્ષણ:-**

રેકર્ડ શાખામાં અરજી આપી જરૂરી ફી ભરી કચેરી સમય દરમ્યાન રેકર્ડનું નિરીક્ષણ થઇ શકે છે.

**૬. દસ્તાવેજોની નકલો મેળવવાની પધ્ધતિ:-**

નકલ માટે રેકર્ડ શાખામાં અરજી કરવી જરૂરી છે. નકલ માટેની અરજી મળ્યેથી નકલ કારકુન જે તે શાખા પાસેથી નકલની માંગણીવાળા અસલ પ્રકરણ/ફાઇલ મેળવી ખપપુરતી જરૂરી નકલ કરી જરૂરી ફી વસુલ કરી નકલ આપે છે.

**૭. ઉપલબ્ધ મુદ્રત નિયમ સંગ્રહ:-**

સરકારી પુસ્તકાલય, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ ખાતેથી મળી શકે છે.